જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૪/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૪૭૫/૨૦૨૬**

ખોખરા પો.સ્ટે. ફસ્ટ.ગુ.ર.નં.૮૯૯/૨૦૨૦ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબ તથા સેશન્સ કેસ નં.૧૮૯/૨૦૨૧ મુજબ ગુનાના કામે ઝાકીરહુસેન ઉર્ફે પાલે સ/ઓ મહંમદઈસ્માઈલ શેખ (ઉ.વ.૩૩) (રહે. મકાન નંબર–૧૦૩૩ બ્લોક નંબર–૩૩ વસંત ગજેન્દ્ર ગડકરનગર વટવા અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એમ.પી.પુરોહીત સાહેબ શ્રી એડીશનલ પ્રિન્સીપલ જજ કોર્ટ નં.૦૨ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૭૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૩ બીયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૨,૬૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૭૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૭૮/૨૦૨૬**

ક્રાઇમબ્રાંચઃ અંકિતભાઇ જોગીનકુમાર શાહ (રહે. કર્નાવતી રીવેરા, વોટર ટેંક સામે, દુન સ્કુલ રોડ ન્યુ મણીનગર) તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૪ થી તા.૨૬/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સ્પોર્ટ્સ ક્લબ ૩ શ્રેયસ કોલોની, એલ.પી.હાઉસ, દુકાન નં.૦૬–૨૩૧ “એલ બી ટેક્ષ પ્રા.લી.” ખાતે આરોપી નં.(૧) એ.એમ.એન્ટરપ્રાઇઝ”ના પ્રોપરાઇટર અનીલકુમાર (રહે.ગ્રાઉન્ડ ફ્લોર ૧૮/૧૧૦, ગીતા કોલોની ન્યુ દિલ્હી, ઇસ્ટ દિલ્હી તથા તેની ઓફીસમાં બેસતા તેના ભાગીદાર આરોપી નં.(૨) નમહ ફેબ્રિકસના માલીક પીયુષ ગહલોટ નાઓએ અંકિતભાઇ શાહ ની કંપની પાસેથી “નમહ ફેબ્રિક્સ” માં તા.૧૨/૦૪/૨૦૨૫ થી તા.૧૧/૦૭/૨૦૨૫ સુધીમાં કાપડના માલની ખરીદી પેટે બાકી લેણા રૂપિયા ૨,૦૪,૩૪,૮૯૬/– નહી ચુકવી તેમજ “એ.એમ.એન્ટરપ્રાઇઝ” માં તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૨૨/૦૭/૨૦૨૫ સુધીમાં કાપડનો માલ ખરીદી કરી તે પેટે બાકી લેણા રૂપિયા ૬૬,૭૭,૦૧૮/– નહી ચુકવી, સાહેદ “હેક્ષા ઇન્ટરનેશનલ પ્રા.લી.” માથી “એ.એમ.એન્ટરપ્રાઇઝ” માં તા.૧૩/૦૮/૨૦૨૪ થી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં ડેનીમ કાપડનો માલ ખરીદ કરી તે પેટે બાકી લેણા રૂપિયા ૭૬,૬૮,૮૩૪/– નહી ચુકવી, સાહેદ વેદાંત ડેનીમ” થી “એ.એમ.એન્ટરપ્રાઇઝ” માં તા.૦૮/૦૬/૨૦૨૪ થી તા.૦૭/૦૩/૨૦૨૫ સુધીમાં ડેનિમ કાપડનો માલ ખરીદ કરી તે પેટે બાકી લેણા રૂપિયા ૪૮,૯૪,૬૮૭/– નહી ચુકવી, સાહેદ તારાચંદ એન્ડ સન્સ (ટ્રેડીંગ) પ્રા.લી. પાસેથી “નમહ ફેબ્રિક્સ” માં તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૦/૦૯/૨૦૨૫ સુધીમાં કાપડના માલની ખરીદ કરી તે પેટે બાકી લેણા રૂપિયા ૬૫,૫૮,૪૮૯/– નહી ચુકવી. અંકિતભાઇ શાહની કંપની તથા તમામ સાહેદના મળી કુલ રૂપિયા ૪,૬૨,૩૩,૯૨૪/– આજદીન સુધી નહી ચુકવી આપી તેમજ કાપડનો માલ પરત નહી આપી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૪૭૯/૨૦૨૬**

એરપોર્ટઃ સંજય શિવાજી માને (ઉ.વ.૪૮)(રહે. સ્વાતી રેસીડેન્સી–૫, આઈ.ઓ.સી.રોડ, ચાંદખેડા) એ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે ચારેક મહીના પહેલા થી તા.૨૩/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન એરપોર્ટ T-૨ ખાતે આવેલ પાવર હાઉસની અંદરથી એલ્યુમિનિયમ સ્લાઇડીંગ દરવાજાના મટીરીયલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/– અને કેબલ વીંટા કિંમત રૂપિયા ૬૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/– મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૮૦/૨૦૨૬**

ચાંદખેડાઃ શૈલેષભાઈ સ/ઓ મંગળદાસ પટેલ (ઉ.વ.૫૮)(રહે.સુવર્ણ વિલા બંગ્લોઝ ટી.પી–૪૪ ચાંદખેડા) એ બીમારીથી કંટાળી તા.૦૪/૦૩/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સાબરમતી વિમ્સ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૪/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુકેતુકુમાર ગૌતમભાઈ ચલાવે છે.

સરખેજઃ પ્રતીકા ઉર્ફે અનુબેન વા/ઓ વિપુલભાઇ સંગોડ (ઉ.વ.૨૦)(રહે.મારૂતી સી.એન.જી ગેરેજની બાજુમા આવેલ છાપરા, અદાણી સી.એન.જી પંપ સામે એસ.જી.હાઇવે મકરબા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા મારૂતી સી.એન.જી ગેરેજની બાજુમા આવેલ છાપરા પાછળ આવેલ ઝાડ સાથે શર્ટ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "એમ" ડીવિઝન નાઓ ચલાવે છે.

કૃષ્ણનગરઃ ઠકક્કરનગર કવરગલી ખાતે રહેતા પ્રકાશભાઇ ઇશ્વરભાઇ પટણી નાઓની ૧૭ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

નારોલઃ નાદીયા વા/ઓ નાવેદઅલી શેખ (ઉ.વ.૨૦)(રહે.પઠાણની મસ્જીદ પાસે, ગણેશનગરના કાચા છાપરા, નારોલ) એ અગમ્ય કારણોસર તા.૦૨/૦૪/૨૦૨૬ સાંજના ૬/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રૂમમા ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી 'કે' ડિવિઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી